શ્રી

રાધાજીનો વિવાહ

તથા

દાણલિલા

અને ગોપીના મહિના.

છપાવી પ્રસિદ્ધ કરનાર
મહાદેવ રામચંદ્ર જાગુટે બુકસેલર
ખાનુ દરવાજા—અમદાવાદ.

અમદાવાદ.
રાજનગર ટાઇપ ફાઉન્ડરી પ્રીન્ટીંગ પ્રેસ.
સંવત ૧૯૬૨ સને ૧૯૦૬

કિંમત એક આનો.

શ્રી રાધાજીનો વિવાહ.

૧૮૪૧

રાગ કલ્યાણ.

હે સાહેલીયો કહો મુજ માતને,
જઈ વિવાહની વાત કહો મુજ તાતને;
રાધાજીને વર વરવો છે નંદ તણો કુમાર
ઊતાવળ સહીત કરીને શીદ લગાડો વાર.
મન મારૂં તન તલપે આજ તો
નંદનો નઠોર લાલ, હીંચોળે ઝુલતો;
માડી મારૂં મન લોભાણું કરવી એવી પેર,
મોરલીધર મોહન રૂપાળો, લાવો આપણે ઘેર;
શું ઘેલી થઈ તારી બુદ્ધી કયાં ગઈ,
નંદનો નઠોર લાલ આવશે નહી,
સુણી રાધીકા કરે કલ્પના, તજવા મારે પ્રાણ,
અન્ન પાણી આરોગું તો, મને નંદ બાવાની આણ.
માત ભ્રાત કહે આ કારણું ખરૂં,
નંદનો નઠોર લાલ કામણું ખરૂં,
જઈ જશોદાજી કહે છે ભ્રગુભાન શકી નાર.
રાધા સાથે પરણાવવા કરો કાનાને તૈયાર,
કૃષ્ણ કહે માડી મારી, આ શું તેં કર્યું;
સોળ વરસની કન્યાને કેમ હું વરૂં.
આઠ વરસની ઉમર મારી, સુણજો મારી માત,
ફજેતું કરશો નહી માતા, થાશે મારી વાત.

નંદરાયની રાણી બેલીયા વર નહી કે કન્યાને
એ સઘળું હું સાચું કહુ છું સુણજો સરવે જન. ટાલો.
દારીનું કેહ્યુ સૂણીને થઇ સામા ઉદાસ,
ગીરધર વર ગોપીના વલભ પૂરો મારી આશ;
ગઇ પ્રભુ કને શું કહું તને,
ફજેત કરી ખરી જગતમાં મુને
બોલ સાચું શું બોલીતું મધુપુરની વાટ.
સમ ખાઇ સમપણ તેં કીધું જમનાજીને ઘાટ.
વીચારી જો મતી હું બોલતો નથી
વેચવાને દધી તે માટે મારગે જતી.
હું વરીછું નંદ કુંવરને સુણો જસોદા માત.
જે દીન નાની હતી, તે દીને વરી સાક્ષાત.
જોબન ધરતો મુજ મન હરતો, વરસ થયાં છે વીસ;
તે દહાડાની હું કેમ જાણું સાચો તું જુગદીશ.
કૃપા હવે કરી, તમે મુજને વરો;
અબળા જાતીને ઉદાસ શીદને કરો;
કૃષ્ણ કહે કામની હું તુજને વર્યો,
તારૂ હેત જોવાને મેં ઉદ્યમ તો કર્યો.
ભુલ ચુક કે ખામી, હોય આ મોઝાર.
સુધારીને વાંચી લેશો નમું સો વારવાર
જુનું થયો છે વીવા આજે, જે સાંભળો નરનાર.
[illegible] કહે છે ભાવ ધરીને, ઊતરશો ભવપાર.

અથશ્રી ગોપીના મહીના.

અક્રૂરના રથ આવીઆ, છુટ્યા શબ્દ દુવાર
આસપાસની ગોવાલણી, ટોળે મળી તતકાળ;

રથે બેશીને શાજવી ચાલ્યા, નેણાં ભરીને રાધકાજી રૂવેરે;
આપણા બાળાતેપણાના તે બેલીરે, હવે કેમ જશો માયા મેલી;
છો આતમારામ છો જીવણ પ્રાણ.

કારતક માસે કશ્ન સીધાવીયા નવ રહી શકી વરજનાર;
જેમાં તનને તાણા વાણા છેરે, ગયા હંસને હું તો રહી હારી,
એવી કઠણ કરણી હમારીરે, મેંતે શંભુની સેવા કીધારે,
સતો થાપણ ઓળવી દીધારે. છો૦ ૧
માગસર મહીને મેલી ચાલ્યા જઈ બેઠા જાુમદીશ.
સંદેશો મારા શામનેરે, બાપુ કોઈ બતાવો જાુગદીશ,
એને ચરણે નમાવું શીશરે, એને લખતે કરૂં બક્ષીસરે, છો૦ ૩
પોસ મહીનાની પ્રીતડી જોબન તની જંજાળ
અમરત ભોજન હતા તે જમી ગયારે, મારા ઠાલા રહ્યાથાળરે,
મારા કર્મ તણો ન આવ્યો પાર છો૦ ૪
માહા મહીનાની ટાઢડી થરથર કંપે દેહ સેજલડી સુની રહીરે,
સુની સેજે તે કેમ સુવાયરે, સુતાં મંદીર ખાવા ધાયરે,
મારૂ હૈયુ હાલ કલોલ થાય છો૦

ફાગણ ફુલ્યો ફુલડે, રમતા રઘુરાય;
તો ફરતી ફુદડીરે વાલો ઝાલતો જમણી બાંયરે;

ધાલો સોળશે ગોપીયું માંય. છો૦ ૬
ચૈત્ર આવ્યો સકોમળો, પીપળી આવ્યાં પાન;
કામણગારો ન આવીયોરે, મારે હરી મળ્યાની ઘણી છે હામ;
મારે પડયું છે એનું કામરે, બાપુ કોઈ બતાવો શ્રી રામ; છો૦ ૭
વઇશાખે જોઉ વાટડી, નીહાળુ ચારે દેશ;
કાને પડધાપડતા સુણીયારે, હરીને આવતા ઉરમાં લેશુરે;
મારૂ મન હરીને દેશુરે. છો૦ ૮
જેઠે જાણ્યું આવશે જીવન જદુપતી રાય,
ચંદન ધોળાવું ભીંતડેરે, હરી વીંઝણે ઢાળું વાયરે છો૦ ૯
આજ અસાડો આવીયોરે, વરસ્યો ઘોરમઘોર;
વીજળી ચમકારા કરેને મધુર બોલે મીઠડા મોર;
કોગલ બપૈયા કરે કલોલ, મારૂં હૈડુ નવ રહે ઠોર, છો૦ ૧૦
શ્રાવણ વરસે સરવડે, નદીએ ડોળાં નીર,
પહેરવા પીતાબર પોતીયારે, ગોપીને ઓઢણુ આછાં ચીર,
વાલો ખોબલે છાંટે નીરરે, મારાભીંજાય ચીર, છો૦ ૧૧
ભાદરવે ભર નીંદ્રા શીતળ થયાં શરીર,
સ્વપ્ન અંતરમાં ન આવીયાંરે, વાલો બળીભદ્રના વીરરે;
વાલે ગોવાળીયા ગત રાખીરે કાનુડે નવજોયુંકાંઇઆંખીરે. છો ૧૨
આસો મહીને આવીયા, સઉની પૂરી આશ;
કરજોડીને કાનરે, વિનતી કરે છે વીરદાસરે;
વાલે રંગભર રમાડયાં રાસરે, પ્રભુ અગારે છેલમારી આશરે. છો ૧૩

અથ આત્મ ઉપદેશી બાર મહીના લખ્યા

રાગ રીતાના મહીનાનો.

અરે જીવ કારતકે કરી લે વીચાર, કહેને ક્યાં આવીયો.
ગાંઠી મુક્તિ મળી મનુશા દેહ, શ્યે પુન્યે પામીયો,
તેતો દેહ ધરયાનાં પ્રમાણ, પુન્ય કાંઇ કીજીયે;
કથા કીરતન સ્મરણ થાય, ત્યાં તો કાન દીજીએ.

માસ ૨ જો.

અરે જીવ માગસર મન માંય, સોચ તારે બહુ થયો;
દેખી ધન દારા પરીવાર, હૈયામાં હરખીઓ.
તે તો શોભાના દીન ચાર, તેમાં શું વળગી રહ્યો;
કાંઇ કરને તરયાનો ઉપાય, નીકર તું નીશ્ચે ગયો.

માસ ૩ જો.

અરે જીવ પોસે પકડશે કાળ, તે દી કોણ તારૂં;
તેથી ભજી લ્યે શ્રી ભગવાન, મેલી હું ને મારૂં.
રાખી છાપ તીલકને માળ, બાનું છે દયાળનું;
તેથી ડરશે જમદુત કાળ; અંતકાળના કાળનું.

માસ ૪ થો.

અરે જીવ માહે મોયો મનમાંય, ભામની કેરા ભાગમાં;
તેની ભુરચામાં ગયોરે ભોળાઇ, વીષયના રાગમાં,
ચીત બુદ્ધ હરખા, અહંકાર વીચારી લીઓ આપમાં,
તેની ત્રષ્ણામાં ગયોરે તણાઇ, વીષયના બાટમાં.

માસ ૫ મો.

અરે જીવ ફાગણે રહોરે ફુલાઇ, જડ માયા કેરા જોરમાં,
તારા શીરપર ફરેરે સેતાન, લેસે પલક પોહોરમાં

સજા ધરમ માગશે જવાબ, અગનીમાં ઉભો રાખશે;
માથે મારશે મોગરીઓના માર, ઉંધે શીર ટાંગશે.

માસ ૬ ઠો.

અરે જીવ ચઇતરે રાખો ચીત, સદા ગુરૂજીના ચરણમાં;
તારા ત્રીવીધીના તાપ ઓલાસે, અંતસકરણમાં
એવા ગુરૂજી છે સુખ દેણ, કરમને કાપશે;
માટે જન્મ મરણનો જંજાળ, અભેપદ આપશે,

માસ ૭ મો.

અરે જીવ વઇશાકે દીન જાય, થયા તારા વાટમાં;
રાત દીવસ રહોરે છુપાઇ, વીષના ઘાટમાં.
પશુ પરનારી શું પ્રીત નીતી નહી હરીના નામની,
બાર પહોર ઘડીરે બત્રીશ, કલ્પના કામની.

માસ ૮ મો.

અરે જીવ જેઠે જીવ્યાને ધીકાર, જપ્યા નહી જદુનાથને;
કરપી કરેથી ન વાયું કાંઇ, કાપ્યા જોઇએ તારા હાથને.
તારા સતન થીયાં સુનકાર, શુણી નહી પારાયણને,
માથે ચડયો મોટપનો ભાર, નમ્યો નહી નારાયણને.

માસ ૯ મો.

અરે જીવ અશાડે આનંદ કર, મંડ આવ્યું તારા ઉરમાં;
તેણે જાણ્યા નહી જુગદીશ, માયાના પુરમાં.
મનમેથી મોયો મનમાંય પ્રભૂ નથી પેખતો;
તારી ચક્ષુ ફુટીયું સાર, નમણુ નથી દેખતો.

માસ ૧૦ મો.

અરે જીવ શ્રવણે ચઉદ વીદ્યા સુણે જાણ, સમજ્યા વીના શું જે;
જેનો સાકર જેવો સ્વાદ, પારસે તો પોતે ટળે.
એવા ચતુરાઇ તણારે સંતાપ, દઝું ત્રીવીધ તાપમાં;
એવા મનડા તણારે વીલાસ, ધુસાઇ રીયો આપમાં.

માસ ૧૧ મો.

અરે જીવ ભાદરવે ભજન વીના, ભીતર સાચો ભકતીના.
બીજો કોટી કરોરે ઉપાય, માર્ગ ના આવે;
સેવો સતગુરૂના ચરણ, શાગરી એવો સાસો;
રઘુનાથજી કરશે આશ, ધોખો મટે જીવનો.

માસ ૧૨ મો.

અરે જીવ આ શુંરે ફરતું ઉદાસ, વઇરાગ રૂપી વનમાં;
ઘણા અવગુણ છે મનમાં મગન રેવું મનમાં.
સમરણ કરી લે સત ગુરૂનુ સુરતીનું ધરની ધ્યાન;
એવા સતગુરૂ સમરણહાર સમજાવે છે સાનમાં.

માસ ૧૩ મો.

અરે જીવ એવા પુરશોતમ પુરણ બ્રહ્મ પોતે પરમાતમા;
એવા દેખાણા દરશન માંય, ઓળખાણુ આતમા.
એવા સુણી હવે બારે માસ, કેદે નામ તેમનું,
ભકત ભોજન કેહે ભવોભવ, સેવક સત ગુરૂ સ્યામનું.

સમાપ્ત.

અથ શ્રી દાણલીલા.

કાનગોપીનો સંવાદ.

કૃષ્ણ—ઉભીને અલબેલડી, સાંભળ કહુંછું વાત;
વંદ્રાવનને મારગ જાતાં, કોણ છે તારી સાથ.
ઉભી રહે વ્રજની નારી, પુછું પરણી કે કુંવારીરે;
આંજ્યા વીના આંખડી કાળી, બાજુબંધ બેરખા વાળીરે. ઉભી.
રાધા—સાથવાળી તેને ઘેર બેઠી, તારે શી પડપુછ;
મારગ મુકી રહે વેગળો, તારે મોઢે નથી કાંઇ મુછ ચાલ્યો.
ચાલ્યોજા પાધરી વાટેરે, સાંખું નંદલાલને માટેરે,
તું તો ક્યાંનો કાનુડો દાણીરે, પાછો પાંદડે પાણીરે.
કૃષ્ણ—શીછે તારી જાતડી, કયું છે તારૂં ગામ;
કોણ છે તારા માત પીતા શું છે તારૂં નામ. ઉભી.
રાધા—આહેરણી અમો જાતડી, ગોકુળ મારૂં ગામ;
બખુભાણની હું બેટડી, રાણી રાધા છે મારૂં નામ. ચાલ્યો.
કૃષ્ણ—બોલતી નોતીને બોલતા શીખી, આવડું બોલી આજ;
વંદ્રાવનમાં નીત્ય ફરે, તુજને તે શાની લાજ. ઉભી.
રાધા—લાજવાળા છો તે હું જાણું, ઢાંકી રાખો આપ;
વંદ્રાવનનો મારગ ઝાલી, નીત્ય તપાસો લાગ.

ક્રશ્ન—ઝાઝાં રાખે મેહ્ડાને, ઝાઝી રાખે ગાય;
 છાશ પીને મોટી થઇ, ભરવાડ જાત કહેવાય. ઉભો.
રાધા—ગોકુળથી આવી ગોવાળણી, મથુરાથી આવ્યો કાન;
 મારગમાં એકઠાં થયાં, તું તો શાને માગે દાણ. ચાલ્યો.
ક્રશ્ન—ગોકુળની ગોવાળણી તે મથુરાને મારગે જાય;
 આડો કાન ફરી વળ્યો, તારો પ્રીતે પાલવ સાય. ઉભો.
રાધા—અમો બેટી ભ્રખુભાનની રાધા મારૂં નામ;
 દાણ લેવાની સંપત હોયતો, આવજે ગોકુળ ગામ. ચાલ્યો.
ક્રશ્ન—નંદબાવાનો નાનડો છૈયા, કાનજી નાગ પ્રમાણ.
 દાણ લીધા વીના જાવા દઉંતો, નંદબાવાની આણ. ઉભો.
રાધા—આણતો માનુ કંસની, બીજી ન માનુ કોય;
 નવ નદ મારે નેહડે બાંધુ, તારો નંદ તે કોણજ હોય. ચાલ્યો.
ક્રશ્ન—કંસ તે તારો કોણ છે મેં વશ કીધો સૌ ઠામ;
 વીચારીને બોલજે, તારી શુધ ગઇ કે સાન. ઉભો.
રાધા—શુધ નથી ગઇ માહરી, તારી ગઇ જેમ હોય;
 સાંભળ છૈયા નંદના, તારે મન વીચારી જોય. ચાલ્યો.
ક્રશ્ન—મન માંહી તું શું વીચારે, દાણ લેવાનો સહી,
 તારા જેવી મે બહુ દીઠી કે, દાણ હું મુકું નહી. ઉભો.
રાધા—આઘોરે ગોપીના વાલા, સાંભળ કહુ તે વેણ;
 તારી માને શુ કહીએ, તારી પાસે ચરાવે ધેન. ચાલ્યો.
ક્રશ્ન—મેણા ટોણા કરતી રહેજે, મહીઆરી ગદમાતી;
 છાશ પીને દહાડા કાઢે, રંગે થઇ છે રાતી. ઉભો.
રાધા—કાનજી કાળા ને માં કર ચાળા, મોરલીઓ વાળા;
 અર્ધી રાત્ર શું નાચા તમે, ભરીને ઉચળા. ચાલ્યો.
ક્રશ્ન—દાણના દોકડા લેશું રોકડા, બીજી ન કર વાત;

તારે માટે જગડો થયો ફોડીશ મહીનાં માટ. ઉભી

રાધા—દાણના દોકડા આપીશ રોકડા બીજુ ન થાએ આળ.
 દાન લીધામાં તું શું સમજે, તું નાનુ સરખુ બાળ; ચાલ્યો.

કૃષ્ણ—તુ મહીઆરી મદમાતી, હું નાનુ સરખુ બાળ;
 બાળપણું તુજને દેખાડું થવાદે સંજ્યા કાળ ઉભી.

રાધા—સંજ્યાકાળે શું તું બતાવે, સાંભળ કાળા કાન.
 મહી વેચીને આવતા હું, આપીશ તારૂં દાણ. ચાલ્યો

કૃષ્ણ—તુ રંગીલી રૂપની રૂડી, હુ છબીલો કાન,
 મહી ખપે કે ના ખપે તો, તુ આપની મારૂ દાણ ઉભી.

રાધા—મહીના દાણ ન હોય મોહન, મનમાં સમજો પેર;
 મહી પીવાનો ખપ હોય તો; હરી આવજો મારે ઘેર. ચાલ્યો;

કૃષ્ણ—કયારની મેણાં ટોણાં દઇને કીધાં અધીક વેર.
 હેત કરી તું આપવા આવે, હવે લાગે તે કડવાં ઝેર. ઉભી.

રાધા—કહો તો હરી ઘેરથી લાવું, કહોતો પાઉ આંહી;
 હીમાના સ્વામી સામળા તમે, મનમાં ન લાવો કાંઇ. ચાલ્યો.

દાણ લીલા બીજી ગરબી.

રાધા—પાલવડો મારો મેલો મોહનજી, મારગડે મને—જાવાદો.
 આવતાં આપીશ દાણ તમારૂ, મહી મારાં વેચાવા દો,

કૃષ્ણ—વેચતાં તુંને પ્રાણ વારે છે, સાંભળને રાધા પ્યારી;
 મહી ગોરસનું દાનજ દેની, વલી થાને વરજનારી;

રાધા—નારી કહી પ્રભુ શું બોલાવે, છાનો રહેજે છોગાળા;
 કઠણ રાજ છે કંસનું, ગોચારંતા ગોવાળા.

કૃષ્ણ—હું રે ગોવાળીયો તુંરે ગોવાલણ, ફરી ગમે તું આવજે;
 કંસ સરીખા સો હીમાયતી, સાથે તેડી તું લાવજે.

રાધા—નહી તેડા લાવું દો મુને જાવા, રોકી રહ્યાછો વરજનારી;

રઘુનાથના સ્વાંગી હો સામળીઆ ઘેલા દીસો છો ગીરધારી;
કૃશ્ન—થેલોખું પણ દાણ ન ચુકુ, દોકડો નહી લઉ એક ખોટો
ગીરધારીએ ગામ ગોકૂળ વસાવ્યું, ઇંદ્ર કરતાં કૃશ્ન મોટો,
રાધા—મોટો હતો ત્યારે મથુરાંમાંથી, અરધી રાતે શીદ આવ્યો;
પરઘેર રહીને પેટ ભરતો, નોતો તે દાણી કાવ્યો;
કૃશ્ન—વાકુ બોલતી વાર કરતી, કેતો હૈયાનો હાર તોડુ.
દાણ દહીના આપોને અબળા, કાંતો મહીના માટ ફોડું;
રાધા—હાર નહી તુટે માટ નહીં ફુટે, ન્યાય નગરીમાં પુછાશે;
રઘુનાથના સ્વાંગી હો સામળીયા; ગોકૂળમાં કેમ રહેવાશે.
કૃશ્ન—ન રહેવાય તો જાવ અત્યારે, દાણ દહીનું નહી મેલુ
ચીર હરતાં તે ગયાં વીસરી, કામણીયું કારણ મેલુ;
રાધા—નંદ તણે ઘેર નવ લાખ ગાયું નોતુ તે ધન ફાવ્યું છે,
માતા તારી મહી વેચતી, હમણાં રાજ આવ્યું છે.
કૃશ્ન—[illegible] આવ્યું કરતી રહેને, મેણાં દેતી મહાચારી;
ધુતારા [illegible]માં તું છે ધુતારી, ઠગપણામાં ઠગનારી.
રાધા—[illegible] તુ પોંચેસો, તારી માને મહેણા દેવરાવે,
રઘુનાથના સ્વાંગી હો સામળીયા આઝુ તે શું કહેવરાવે.
કૃશ્ન—[illegible] પણ દેતી નથી, રાખી દહાડો છે મુરખપણું;
હમે [illegible] રાજ દરબારમાં, અમારી નથી ઓળખાણું;
રાધા—[illegible] પણ આવ્યો નારી, મહાવનમાં તું છાનો છે,
જાતા [illegible] જન્મ છે તારો, નંદ તણે ઘેર નાનો છે.
કૃશ્ન—[illegible] જસોદા મહા બડભાગી, તેના તો હમો અહકારી;
મોટા [illegible] મર્મ ન જાણે, વરજ વાગી મેં ગૈયારી.
રાધા—[illegible] ગોપી વંદતાં, હમને લો તમે ઉગારી;
રઘુનાથના સ્વાંગી સામળીઆ, તમે જીતા હું હારી;

ભવૈયાના વેશમાં ફેરબાના ગાયન.

સાખીઓ.

પથર મટી થયા પ્રેમક્ષ ભોજન કરતાં ગાય,
આરસુ અંગ ફરે ફુદડી, એનું એઠું સૌજન ખાય. ૧
ફતારો અમને ઘાયલ માયા લગાડો જામ કાનુડો અમને ધ્રાસ્ક
નાની છું પણ નખ જોરડી આલ્યા કડવાં વેણુ નવ બોલ;
હું છું વખની કુંપલી તને મારીશ પેલે પોર ધ્રુ. ૨
ટુકે પાને આંબલી વળી લાંબે પાન ખજુર;
છોગાળા નર વહી ગયા મારે માથે ભાગ્યો છે મજુર. ધ્રુ. ૩
કાચી તો કેરી ભલી નહીં તો કાચાં ભલેરાં પાન;
માયા તો માની ભલી નહીં તો ખેંચી ભલેરી કમાન. ધ્રુ ૪
પાટણ પેઠી હામુખા નારંજ નામે નામ;
તે નરને ચાહે ઘણુ એને છેલ સંગાથે કામરે, ધ્રુ ૫
કોને હીમાળો શેવીઓ કુને સવી આગ
કોએ કરવત મુકાવીઆ કઈ નારીને કાજરે ધ્રુ ૬
હાથે હીમાળો શેવ્યો ચુને સેવી આગ
સોપારીએ કરવત મુકાવ્યાં રાણી નાગરવેલને કાજરે, ધ્રુ ૭
એક અંધારી ઓરડી વળી બીજી વેરણ રાત,
ત્રીજો શોકનો ઢોલીઓ એનો ઝગડો લાગ્યો આખી રાત. ધ્રુ. ૮
માથા કેરો ગોફણો વળી હૈયા કેરો હાર,
દહાડે કરૂં દીકરો રાતે કરૂં ભરથાર. ધ્રુ. ૯
પારે નાચે પારેવડાં વળી હૈયે નાચે મોર;
પરણ્યા એટલા માનવી પીટ્યા કુંવારા હરાયા ઢોર. ધ્રુ. ૧૦
ચીર ફાડી ધજા કરૂં વળી કાંકણુ મેલું નીસાન.

ફતર ચુડા કરમાં તારો પીઉ પોઢ્યો મસાણ. ધ્રુ. ૧૧
લુડે માળો નવ ઘાલીયે; વળી લીંબડો લેરે જાય,
પારકો પુરૂષ ન શોધીએ એતો પરોઢીએ ઉઠી ઘેર જાય. ધ્રું ૧૨
નદી બાંધું નવ ડાંડીએ વળી સમુદ્ર બાંધ્યો નવ જાય,
તુને બાંધું વડોદરાને ગાંદરે તારી કેદ છોડાવા જાય. ધ્રું. ૧૩
કાળા ગજકાયનું કાપડું વળી માંહી ભરયું છે હીર;
ઘરનો ધણી પીટયો હીજડો પાડોશી બાવનવીર. ધ્રુ. ૧૪
શોપારી વખાણું સોરઠી વળી જેના લીલા પીળા રંગ;
સ્ત્રી વખાણું પાતળી જેના વાળે વળે છે અંગ ધ્રુ. ૧૫
ઉંચી ગોરી ઉજળી જળ ભરવાને જાય.
કાંટો વાગ્યો પ્રેમનો તે તો ઉભી ઝોલાં ખાય. ધ્રુ. ૧૬
માંડી માથે બેડલું, માંકડ કોટે હાર.
જુગારી પાસે નાણું રહે, તેને જાતાં કેટલી વાર. ધ્રું. ૧
અંગ કાળુ દાંત ઉજળો, ચાલે ઝમર ચાલ;
સાસુ વહુને દીકરી, એ ત્રણેનો એક ભરથાર. ધ્રુ. ૧૮
બાપે જનમી બેટડી, વળી બેટીએ જનમ્યો બાપ;
એ અર્થ કહે મારા ઠાકરા, એમાં બેટી ભલી કે બાપ. ધ્રુ. ૧૯
જળમાં પેશી ઘર કરે, વળી જંગલમાં બેશી નાય;
મસ્તક વાઢે ન મરે, તેની આંખ ફોડે જીવ જાય. ધ્રુ. ૨૦
પડી પડી પણ ભાગી નહીં, વળી કડકા થયા બે ચાર,
વગર પાંખે ઉડી ગઈ, તમે પંડીત કરોને વિચાર. ધ્રુ. ૨૧
અગ્ની કુંડમાંથી નીસરયો; વળી ભગર કુંડમાં નાય;
પંડીતો પુછે પંડીતને, તેના ફુલ વેલાને ખાય. ધ્રુ ૨૨
ઠર વીનાની કામની, વળી મુખ વીના જે દંત;
મુએલી જીવતાને ગળે, મોકલજો ગુણીયલ કંથ. ધ્રુ. ૨૩
સાધ તારૂં રૂશણું જેમ આટામાં લુણ;

કુશ સરીખા પાતળા, તાંને દાડી મનાવે કોણ, ધ્રુ. ૨૪
જેને ચડ પવન ન સંચરે, જેને છાંયે ન બેસે કોય;
તે ફુળ તો મોકલજો, મારે એકાદશાનું વરત હોય ધ્રુ. ૨૫
ઉભો નર નિંદા કરે, ઝાકળી તડકો ખાય;
જેની મુછે મોતી નીપજે, તમે ચતુર કરોને વિચાર. ધ્રુ. ૧૬
શેરી ખરી પણ સાંકડી, વળી નગર પાસે પણ દુર
પરણ્યો ખસે પણ નાનડો, મારૂ જોબન જાય ભરપુર. ધ્રુ. ૨૭
ઉંચી ડોકને શીંગડાં મધુરો મધુરો નબોલ;
હમે હીયાનાં જારત્તાં, મારૂં જોબન કરે છે જોર. ધ્રુ. ૨૮
વેંત જેવડી વરખડી ઢાલ જેવડુ ફુલ;
કાચા કમળથી ઉતરે, તેનુ પાકે થાશે મુલ. ધ્રુ. ૨૯
તનના કરૂં ત્રાજવાં, મનના કરૂ બજાર;
હઈયાની કરૂ હાટડી, હુંતો વણજ કરૂ વેપાર. ધ્રુ. ૩૦
કુવા ઢકણ ઢાંકણ ખેતર ઢાંકણ વાડ;
બાપનુ ઢાંકણ બેટડો ઘરની ઢાંકણ નાર ધ્રુ. ૩૧
ખેતર હોયતો ખેડીએ વળી ડુંગર ખેડયા ન જાય.
કુવા હોયતો ગાળીએ, વળી સમુદ્ર ગાળ્યા ન જાય; ધ્રુ. ૩૨
કાગળ હોયતો વાંચીએ, વળી કર્મ વાંચ્યા કેમ જાય;
તાર હોયતો તોડીએ, વળી પ્રીત તોડી કેમ જાય ધ્રુ. ૩૩
ભડતો પણ પંડીત નહી, પુરયો પણ નહી ચોર;
ચતુર હોય તો ચેતજો વળી મધુરો પણ નહી મોર. ધ્રુ. ૩૪
નદી કાંઠે નેહરો, વળી ગુંદા જેવડુ ગામ;
કુંવારી છોડીને ત્રણ દીકરા તેને પરણ્યાનુ શું કામ. ધ્રુ. ૩૫
હસી હાળે હોલીયો વળી એસો કરી ન વાત;
[illegible] કરતાં રંડાપો ભલો, પાટગો હઈયે ન હરખ્યો[illegible] ધ્રુ ૩૬

સમાપ્ત

આયુર્વેદ સુધાકર.

આ પુસ્તકમાં રસાયણ (સપ્ત ધાતુ) મારવાનો વિધિ પ્રતિથી અનુભવ સિદ્ધ કરેલ છે તે શિવાય રસાયણ (ભસ્મ) પરીક્ષા અને પ્રત્યેક રોગ ઉપર લેવાનું અનુપાન વિગેરેની સમજ વિસ્તારથી છે. શિવાય પંચકર્મની શુદ્ધિ (પરસેવો કહાડવા, સોદ્ધ રેચ, વમન, બસ્તી) ઉપધાતુ મારવાની ક્રિયા, ને ખાવાનાં અનુપ વિષ શોધવાના વિધિ, ખાવાના અનુંપાન, ઉપવિષ ખાવના વિ અને સંપૂર્ણ નેત્ર રોગ ઉપરની ક્રીયા વિગેરે વિષયોથી ભરપૂર છે. કિંમત રૂ. ૧-૦-૦ પોસ્ટેજ બે આના.

ઔરંગઝેબ અને પરમહંસ.

આ ઐતિહાસિક નવલ કથા દિલ્લીના પ્રસિદ્ધ પાદશાહ ઔરંગઝેબના જુલમ: મહાત્મા પરમહંસ, ક્ષત્રિયકુળ તિલક મહારાણા રાજસિંહ વીર કેશરી પ્રતાપસિંહ અને એવા એવા સ્વદેશ પ્રેમી પુરુષોનાં વીરરસભર્યા અદ્ભુત પરાક્રમો ભરપૂર છે. વળી તપસ્વીની પ્રમીલા અને સુગતી જેવી આર્ય અબળાઓને શિરે જુલમી શાહનાં સમયમાં દુ:ખનાં ઘોર વાદળ તુટી પડયા છતાં તેમણે પોતાની પતિવ્રતાનું પ્રાણાર્પણ પર્યંત શૌર્ય ભરી રીતે કેવું રક્ષણ કર્યું ? તે આબેહુબ ચીતરવામાં આવ્યું છે. એટલે કે ઇતિહાસ રૂપે, નીતિબોધ રૂપે અને રસમય નવલકથા રૂપે આ ગ્રંથ અદ્ભુત છે વળી તે બંગાળી ઉત્તમ નવલકથાનું રસમય ભાષાંતર છે; તો ગ્રાહક બની મંગાવી ખાત્રી કરો. કિંમત ૧-૦-૦ ટપાલખર્ચ. ૦-૧-૦ આનો.

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે.

ત્રણ દરવાજા—અમદાવાદ.